અમદાવાદ(ગ્રામ્ય)ના મે. ત્રીજા એડી જ્યુડી. મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં,
મુ.મીરઝાપુર, અમદાવાદ.

CRIMINAL CASE NO.10536/2018

આંક:–

ફરિયાદી:– શ્રી સરકાર

વિ.

આરોપી : પાર્થ હરેશભાઈ બોઘરા, રહે.નિકોલ, અમદાવાદ.

ગુનો:–ઈ.પી.કો.કલમ: ૨૮૩

ચુ કા દો

૧. ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આરોપી સામે ઈ.પી.કો.ક. ૨૮૩ મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે.આજરોજ ના.નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીઝના ઉપક્રમે નેશનલ લોક આલતના આદેશ મુજબ આજરોજ સ્પે.સીટીંગ રાખેલ છે.

૨. આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપવાની ખાત્રી કરેલ છે. આરોપીને ગુના કબુલાત અંગે પુછતા તેઓ ગુનાની કબુલાત કરતા હોઈ તેઓની ગુના ની કબુલાત પુરસીસ લીધી.તેમાં તેઓએ જણાવેલ છે કે,તેઓને ગુનો સ્વેચ્છાએ કબુલ કરે છે. તેઓનો આ પ્રથમ ગુનો છે.અને તેઓ કોઈ પણ જાતની ધાક ધમકી કે દબાણ વગર ગુનો કબુલ કરે છે.અને તેને ઓછી સજા કરવા તથા દયા રાખવા વિનંતી કરી છે.આ કામે આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે.આમ આરોપીના ઉપરોકત સંજોગો જોતાં દોષિત ઠરાવી નીચે મુજબ હુકમ કરૂ છું.

હુ ક મ

આરોપીઓને ક્રિ.પ્રો.કો.કલમ:૨૫૨ અન્વયે ઈ.પી.કો.કલમ : ૨૮૩ અન્વયેના ગુના સબબ તકસીરવાન ઠરાવી આરોપી દીઠ ને રૂા. 100/– એમ કુલ અંકે રૂપીયા 100/– એકસો પુરા નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે.અને જો દંડ ન ભરે તો દિન:ર ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.9 મી માહે : માર્ચ સને : 2019 ના રોજ જાહેર કર્યો.

મુ:અમદાવાદ.

(વી.વાચ.ત્રિવેદી)
ત્રીજા એડી.જયુડી.મેજી.ફ.ક.
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર.